# વિવિધ અલંકારના રૂપમાં પુષ્પ

ધરતી પટેલ

પુષ્પ એટલે પ્રકૃતિનો  સુકોમળ સુંદર તથા સુગંધમય ઉપહાર.પુષ્પ માં નૈસગિક રૂમાં, રસ અને ગંધનો ત્રિવેણી  સંગમ છે. સમય ની સાથે સાથે મનુષ્ય ની રૂચિ પણ બદલાય છે . કયારેક પ્રિયતમાના કેશમાં, કાનમાં અને ક્યારેક પોતાના શરીર પર માળાના રૂપમાં તે ધારણ કરે છે . આમ, મનુષ્ય  એ દેવ પૂજન, અલંકાર, લગ્નની માળા કે વિજયની માળાના રૂપમાં હોય મનુષ્ય એ ફૂલને પોતાનુ અંગ બનાવી દીધુ છે .

પ્રાચિન સમય થી જ પુષ્પનું અલંકાર તરીકે બહુ મહત્વ રહેલું છે. શકુંતલા, સીતાજી વનમાં પુષ્પના  અલંકાર કરતા હતા. અત્યારના  આધુનિક યુગમાં લગ્ન પ્રસંગ તેમજ બીજા સારા પ્રસંગે કેશ ગૂંફન , હાર , ચૉરિની સજાવટમાં કે સારા ખોટા પ્રસંગે પુષ્પનો ઉપયોગ થાય છે .

વૈદિક યુગ થી પુષ્પ સૌદર્યે પ્રસાધનનુ માધ્યમ માનવમાં આવે છે . અથર્વેવેદના એક મંત્ર અનુસાર સુગંધયુક્ત સામગ્રીમાં ચમત્કારીક  શક્તિ હોય છે .ફૂલોના અર્કમાંથી જે રસ નીકળે તેને અત્તર કહેવામાં આવે છે. કામના અધિષ્ઠ દેવતા કામદેવ ને ઋતુઓના રાજાવસંતના પ્રિય દેવ મિત્ર , પંચબાણ અને પુષ્પધન્વા કહ્યા છે. કામદેવના પત્નિ    રતિ સ્વંય કાનમાં નિલકમલના ફૂલ ધારણ કરતા હતા. અરવિંદ, અશોક, આમ્રમંજરી, નવમલિક્કા અને નિલોત્પલ કામદેવના મુખ્ય પાંચ બાણ છે. વસંત ઋતુમાં અસંખ્ય પ્રકારના પુષ્પો વિકાસ પામે છે .

પુષ્પને ગંધમાલ્ય પણ કહેવામાં આવે છે. જે ધારણ કરવાથી સ્ત્રીની શોભામાં અભિવૃધ્ધિ થાય છે. જેમ છંદમાં યોગ્ય વર્ણ વિન્યાસ, માત્રા , વિધાન, યતિ અને ગતિના નિયમ અનુસાર સંગીતમાં લય અને સંતુલન પેદા થાય છે. એ જ પ્રકારે પુષ્પના વિવિધ વર્ણ ઉચિત માત્રામાં ગૂંથણ અને આકાર અપવામાં આવે તો શ્રૃંગાર અને સૌદર્ય માં વૃધ્ધિ થાય છે .

અભિજ્ઞાન શાકુંતલમાં શકુંતલા વનમાં ફૂલોના શૃંગાર કરતી હતી. કાનમાં કુંડલ, શિખા બાંધી હોય કે કેશ ખુલ્લા હોય તો ગજરા લગાવતી હતી. કમરમાં કટિમેખલા તરીકે પણ પુષ્પો જ બાંધતી હતી. વાત્સાયન રચિત કામસૂત્ર માં (1/3/3/16) માં 64 કલાઓ અંતર્ગત પુષ્પ સજ્જાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

નાટ્યશાસ્ત્ર અનુસાર આહાર્ય  અભિનયના પ્રસંગમાં ભરતમુનિ એ અલંકારના પરિપ્રેક્ષ્યમાં પુષ્પની માળાના પાંચ પ્રકાર નો ઉલ્લેખ કર્યો છે.

માળા મુખ્ય પાંચ પ્રકારની હોતી . વેષ્ટિત, વિતત, સંઘાત્ય, ગ્રંન્થિમત, પ્રાલમ્બિત.

રાજાનક રુચ્યક પુષ્પ પ્રસાધનના વિવિધ રૂપો ને કંઇક આ પ્રમાણે ગણાવે છે .

1.) વેષ્ટિત: અંગ વિશેષને ઘેરી લે એવી માળા 2.) વિતત : જે એક પાર્શ્વ માં ફેલાયેલી હોય .3.) સંઘાત્ય : જે અસંખ્ય ફૂલોના સમૂહથી બનેલી હોય. 4.) ગ્રંન્થિમત :જેમાં વચ્ચે વચ્ચે વિષમ ગાંઠ હોય. 5.) પ્રાલમ્બિત : એક સાથે જોડયેલી . આ ઉપરાંત 6.) મુક્તક : જે ફક્ત એક પ્રકારના પુષ્પો થી ગૂંથયેલી હોય. 7.) મંજરી : નાના નાના ફૂલોની ડાળીથી બનેલી હોય 8.) સ્તબક : પુષ્પનો ગુચ્છો.

ઉપર્યુક્ત માલ્યના પ્રકારમાં પ્રથમ ચાર ગ્રથિત અને અંતિમ ચાર અગ્રથિત છે. વૈદિકકાળથી જ ચિત્રકાર અને કવિઓ એ પ્રસાધન કાર્યમાં સુગંધિત ફૂલોનો ઉપયોગ કરેલો જોવા મળે છે. ઉદા…અજંતાના ચિત્રો. કાનમાં શિરિષ અને કમળના કુંડ્ળ પહેરવામાં આવતા હતા.બકુલના પુષ્પની માળા કેશમાં ગૂથવામાં આવતી હતી. કેશપાશ , કર્ણયુગલ અને કંઠમાં ધારણ કરવામાં આવતા પુષ્પાભૂષણના નામ નક્કી હતા. વાળમાં જે માળા ધારણ કરવામાં આવતી હતી તેને ગર્ભક કહેવામાં આવતી. માથામાં શિખા પર જે માલ્ય લટકતા રહેતા તેને પ્રભ્રષ્ટ્ક અને જે સામે આવે તેને લમ્બક કે લલામક કહેવામાં આવતા. જે અલક થી મુખ અને કપાળ ઢંકાઇ જતુ તેને પ્રાલમ્બ અને ઋજુલમ્બિ કહેવામાં આવતી. જે માળા ગળામાં યજ્ઞોપવિતની જેમ ધારણ કરવામાં આવતી તેને વૈકક્ષિક કહેતા. પુષ્પમાળાઓની આ શ્રુંગાર વિધિને રચના અથવા પરિસ્યન્દ નામ આપવામાં આવ્યુ હતું. સંપૂર્ણ કુસુમ શ્રુંગારને આભોગ કહેવામાં આવતુ.

અશોકાતંસિકામાં અશોકના પુષ્પોનો શિરોભૂષણ ઉપયોગ કરવામાં આવતો હતો . મસ્તક પર આપીડ અને અંબોડો કેશગૂંફન પુરૂષોનો લોકપ્રિય શ્રુંગાર હતો.' કાદંમ્બરીમાં બાણભટ્ટે લખ્યુ છે કે, રાજા શૂદ્રક તેના માથા પર સુગંધિત માલતી પુષ્પ બાંધતા હતા.

કવિ કાલિદાસે મેઘદૂતંમાં પુષ્પ શ્રુંગાર માટે અલકચૂડા અને ચૂડાપાશ અને સીમંત જેવા નામનો ઉલ્લેખ જોવા મળે છે. અલકાનગરીની યક્ષવધૂઓ પોતાના કેશકલાપ માં બાલમુકુંદના ફૂલ બાંધતી હતી. સીમાન્ત રેખામાં વર્ષાઋતુમા ખિલતુ કદમ્બનુ પુષ્પ લગાવતી . ઉત્તરમેઘના એક શ્લોકમાં યક્ષિણીઓના હાથમાં નીલા કમળ, અંબોડામાં બાલમુકુંદ, મુખ માટે લોધ્રપુષ્પનુ પરાગ, ચૂડાપાશમાં નવું કુરબક, કાનમાં સુંદર શિરિષના પુષ્પ ધારણ કરતી હતી.

આ છ પુષ્પ છ ભિન્ન ઋતુના છે. કમળ શરદ ઋતુનુ , શ્વેત કુન્દ હેમંત ઋતુનુ, લોધ્ર શિશિર ઋતુ, કુરબક વસંત ઋતુ, પુષ્પિત થાય છે .શિરિષના ગુચ્છ ગ્રીષ્મમાં અને કદંબ વર્ષા ઋતુમાં પ્રફુલ્લિત થાય છે. કવિ કાલિદાસ પુષ્પ માલ્યના આભરણોનુ ઉનમુક્ત વર્ણન કર્યું છે.

કાલિદાસે વર્ષાઋતુમાં સુંદરીઓ દ્વારા મસ્તક પર ધારણ કરવામાં આવતી કદંબ, નવકેસર, (મૌલસિરી ) અને કેતકી માળાઓ તથા માલતી પુષ્પ સહિત અન્ય નવિન ફૂલોની સાથે જૂહીની કળીઓની માળાનુ પણ સુંદર અલંકરણ કર્યુ છે.

અપ્સરા ઉર્વશી પોતાની શીખામાં મંદાર પુષ્પનો શ્રુંગાર કરતી હતી. પુષ્પ ને કેશ માં લગાવ્યા બાદ જે સૂત્ર થી બાંધવામાં આવતુ હતુ તેને ઉદવેષ્ટન કહેવામાં આવતુ હતુ. મેધદૂતં માં અલકાનગરી ની યક્ષીણિ અને અભિસાર રાત્રિ માં કનક-કમલ ના પત્રચ્છેદ પહેરતી હતી .

બૌધ્ધ સાહિત્ય માં લોકો ની પુષ્પ પ્રિયતા નુ પ્રચૂર માત્રા માં વર્ણન કરવામાં આવ્યુ છે.મહાવગ્ગ તથા મજ્જિમ -નિકાય ના બીજા ભાગ માં પરિજાત, કર્ણિકાર, લાલ અડંહુલ અને પુણ્ડરિક ( લાલ કમળ ) જેવા અનેક ગંધમાલ્ય નો ઉલ્લેખ છે.

પતંજલિ મહાભાષ્ય માં માળા સ્ત્રિ અને પૂરૂષ બન્ને નુ આભૂષણ હતુ.માળા ધારણ કરેલા પૂરૂષ ને સ્ત્રગ્વિ કહેતા. આવા માલ્યગુણકંઠ પૂરૂષ ની શોભા અલગ જ હોતી.

જૈન ગ્રંથ અંગવિજ્જા ના નવમા અધ્યાયમાં માળાઓ ના વિશિષ્ટ વર્ણન છે.જેમ કે, કંઠગુણ, સંવિતાનક , દેવમાલ્ય , ઉરણા ,ચુમ્ભલ, આમેલક , મત્થક , ગોચ્છ્ક વગેરે.

સંસ્કૃત માં પણ પુષ્પો નુ મહ્ત્વ છે. ઘણાખરા છંદો ના નામ પુષ્પ સાથે જોડાયેલા છે. જેમ કે, તામરસ , માલતી. આ બે દ્વાદશવર્ણી વૃત્તો ના નામ પુષ્પ પર થી રાખવામાં આવેલ છે .પ્રહરણકલિકા તથા મંજરી- 14 વર્ણી વૃત્તો ના નામ ફૂલ થી જોડાયેલા છે.

આ ઉપરાંત નાટયાશાસ્ત્ર માં ગણિકાઓ ઇચ્છા મુજબ કેશગૂંફન કરી તેમાં વેણી લગાવતી હતી.તેવા ઉલ્લેખ જોવા મળે છે . આદિપુરાણ માં વસંતઋતુ માં ચંપાના ફૂલો તથા શરદઋતુ માં નિલકમલયુક્ત ભદ્રતરણી ના ફૂલો થી બનાવેલી વેણી લગાવ્યા ના ઉલ્લેખ મળે છે.

માલ્ય ગ્રથન કે પુષ્પસજ્જા ની કલા માટે પુષ્પો લાવવા માં સગવડ રહે તે માટે તેની પૂરતી સાચવણી થાય તે માટે રાજભવન ના પરિસર માં જ મોટા બાગ-બગીચા બનાવવા માં આવતા હતા. જેમાં ફક્ત રાજા-રાણી , દાસીઓ અને રાજ પરિવાર ના લોકો જ તેમાં આવી શકતા હતા. આ ઉધાનો ને પ્રમદવન કહેવામાં આવતા અને તેની જાળવણી માટે જેને નિયુક્ત

કરવામાં આવતુ તેને પ્રમદવનપાલિકા કહેવામાં આવતુ. આ બાગ-બગીચા માં ઋતુ પ્રમાણે વિવિધ પુષ્પ, લત્તાઓ અને વૃક્ષો લગાવા માં આવતા .

આ પ્રમદવન માં માધવી લતામંડપ , કદલિગ્રૃહ , મરંકત – કુજ્જ બનાવી સપ્તચ્છ્દ ના કૃત્રિમ વન ની રચના કરવામાં આવતી હતી.

ઉપરાંત ગુજરાત ના સુવર્ણયુગસમા સોલંકીકાલ ની શિલ્પકલા માં વિવિધ પ્રકારે પુષ્પો નો ઉપયોગ થયેલો જોવા મળે છે . સ્ત્રીઓ પોતાના અંબોડા પુષ્પ થી કેશકલાપ કરતી હતી તે સ્થાપત્યો ના શિલ્પો મા જોઇ શકાય છે. શિલ્પો ઉપરાંત વિવિધ થર માં પણ પુષ્પ થર જોવા મળે છે. મુગલકાલના સ્થાપત્યો માં મોટાભાગે ફૂલભાત નો ઉપયોગ થતો હતો.આમ , ફૂલ એટલે કે પુષ્પ એટલે ગંધમાલ્ય નો વિચાર કરતા જ અનેક ખ્યાલ મન માં આવવા લાગે છે.

માલ્ય ધારણ ફક્ત શોભા માટે ન હતુ પરંતુ નૈસર્ગિક , આનંદમય , બલ , આયુ અને સ્વસ્થ્યવર્ધક પણ છે.

સંદર્ભ સૂચિ

1 Abhigyan shakuntalm .

2. Ghurye G.S.Indian costume, bhartiy Veshbhoosha , Popular Book Depot , Mumbai 1951.

3. K. Krishna Murthy, Hair Style in ancient Idian Art. Sandeep Prakashan , New Delhi, 1982.

4. Sahay Sachidanand , Indian Costume, coiffure and ornaments , Munshiram manoharlal Publisher Pvt Ltd . 1975.

5. Shastri Hariprasad , Gujarat no Solanki Kalin itihas – 4 , Uni. Granth Nirman Board Gujarat Rajya , Ahmedabad , 2006